## વુમન સેલ, બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે તા. ૨૩/૦૯/૨૦૨૨ ના રોજ આયોજીત "Women Safety" વિષય અંતર્ગત કાર્યક્રમ

બાગાયત મહાવિદ્યાલયના સ્વામી વિવેકાનંદ સભાખંડ ખાતે **"Women Safety"** વિષય અંતર્ગત ડાં. અમિતા બી. પરમાર, કન્વીનર, વુમન સેલ, આ.કૃ.યુ., આણંદ ધ્વારા બાગાયત મહાવિદ્યાલયના જાતિ સમિતિનાં ચેર–પર્સન ડાં. એન. આઈ. શાહ, આચાર્ય અને ડીનશ્રી, બાગાયત મહાવિદ્યાલયનાં અધ્યક્ષ સ્થાને તા. ૨૩/૦૯/૨૦૨૨ ના રોજ ૧૬.૦૦ કલાકે મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે ડાં. મંજુશા કુલશ્રેષ્ઠા, ચેર–પર્સન જાતિ સમિતિ તેમજ નોડલ ઓફીસર, આ.કૃ.યુ., આણંદ ઉપસ્થિત રહેલ તથા બાગાયત મહાવિદ્યાલયનાં વુમન સેલનાં સભ્યો ડાં. પ્રિતી કુમારી, ડાં. ગીતા ચૌધરી તેમજ કુલ ૫૯ વિદ્યાર્થીનીઓ હાજર રહેલ હતા.

મીટીંગની શરૂઆતમાં વુમન સેલના કન્વીનર ડાં. અમિતા બી. પરમારે હાજર રહેલ સર્વે સભ્યોને આવકાર્યા હતા તેમજ વુમન સેલ વિશે વિસ્તૃતમાં માહિતી આપી તેના નીતિ– નિયમો સમજાવ્યા હતા. ત્યાર બાદ ડાં. એન.આઈ.શાહ ધ્વારા બાગાયત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતી સર્વે વિદ્યાર્થીનીઓ તથા કોલેજ કક્ષાએ ફરજ બજાવતી મહિલા કર્મચારીઓને કોલેજમાં જાતિય સતામણીના કેસ બને નહિ તેમજ આ વિષય ઉપર સભાનતા કેળવાય તે માટે એક સુરક્ષિત વાતાવરણ પુરૂ પાડવા માટેની ખાતરી આપી હતી. ત્યાર બાદ યુનિવર્સિટી કક્ષાના નોડલ ઓફીસર તેમજ જાતિ સમિતિના ચેર–પર્સન ડાં. મંજુસા કુલશ્રેષ્ઠા ધ્વારા સર્વે વિદ્યાર્થીનીઓએ પોતાનું કેરિયર બનાવવા તેમજ સ્ત્રીધનને સાચવી રાખવા સમાજમાં ચાલતા કુરિવાજો તેમજ જાતિય સતામણીના બનાવો બની રહયા છે તે અંગે સભાનતા કેળવવા માર્ગદર્શન પુરુ પાડયું તેમજ વિદ્યાર્થીઓ સાથે વિકટ પરિસ્થિતિમાં કઈ રીતે નીડરતાથી સામનો કરવો તે અંગે સંવાદ કર્યો હતો. ઘણી વિદ્યાર્થીનીઓએ તેમના અનુભવો મીટીંગમાં રજુ કર્યા હતા. અંતમાં ડાં. અમિતા બી. પરમાર ધ્વારા સર્વેનો આભાર વ્યકત કરી વુમન સેલને વિદ્યાર્થીનીઓ માટે સતત કાર્યરત રાખવા સઘન પ્રયત્નો હાથ ધરવા આશ્વાસન આપી મીટીંગ પૂર્ણ જાહેર કરેલ.

# વુમન સેલ અંતર્ગત “Women Safety” કાર્યક્રમની ઝાંખી



કન્વીનર, વુમન સેલ, સભ્ય જેન્ડર કમિટી, બાગાયત કોલેજ ધ્વારા સંબોધન



આચાર્ય અને ડીનશ્રી, ચેરપર્સન જેન્ડર કમિટી, બાગાયત કોલેજ ધ્વારા ઉદ્‌બોધન



ચેરપર્સન, જેન્ડર કમિટી, નોડલ ઓફીસર યુનિવર્સિટી કક્ષા ધ્વારા માર્ગદર્શન



બાગાયત મહાવિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ધ્વારા સંવાદ